# <u>ગુજરાત યુનિવર્સિટી ત્રણ વર્ષ એલએલ. બી અભ્યાસક્રમ સેમેસ્ટર-1 પ્રવેશ અંગેની નોટીસ</u>

## <u>વર્ષ-2019-20</u>

1 ત્રણ વર્ષ એલએલ.બી અભ્યાસમાં સેમેસ્ટર-1માં પ્રવેશ માટેની કાર્યવાહી **<u>તા-06-06-2019</u> થી <u>તા-14-06-2019</u>**દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ પર મુકેલ સૂચના મુજબ ઓન લાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ અંગેની બુકલેટ તમામ વિધાર્થીઓએ કાળજીપૂર્વક વાંચી લેવી. પ્રવેશ પ્રક્રિયાનો સૂચિત કાર્યક્રમ પાના નંબર ૪૮ પર છે.

2 માન્ય યુનિવર્સિટીમાંથી 45% કે વધુ (SC/ST) માટે 40 % કે વધુ અને SEBC કેટેગરી માટે 42 % કે વધુ (સાથે સ્નાતક થયેલ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઓનલાઈન અરજી કરી શકશે.

3 **<u>સેમેસ્ટર સિસ્ટમનાં વિધાર્થીઓએ સ્નાતક પરીક્ષાનાં છેલ્લા બે સેમેસ્ટરનાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. વાર્ષિક સિસ્ટમનાં વિધાર્થીઓએ છેલ્લા વર્ષની પરીક્ષાનાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. અન્ય યુનીવર્સીટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ જો તેમની સ્નાતક પરીક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની કે છેલ્લા વર્ષની માર્કશીટમાં માર્ક્સ કે ટકા ન લખેલ હોય તથા માર્કશીટમાં માત્ર ગ્રેડ કે CGPA લખેલ હોય તેમણે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી “સમકક્ષ ટકા”નું (Equivalent Percentage) સર્ટીફીકેટ કઢાવી તે મુજબની ટકાવારી દર્શાવાવની રહેશે તથા આ સર્ટીફીકેટ ઓન લાઈન અરજી કર્યા બાદ હેલ્પ સેન્ટર પર વેરીફીકેશન કરાવતી વખતે અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા ફોર્મ વેરીફાય થશે નહિ તથા આવા વિદ્યાર્થીનું નામ મેરીટમાં ગણાશે નહિ.</u>**

4 આ અભ્યાસક્રમમાં અરજી કરવા સૌ પ્રથમ વિદ્યાર્થીએ માહિતી પુસ્તિકામાં દર્શાવેલ હેલ્પસેન્ટરો/કોલેજો પરથી (જેની યાદી ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પરની માહિતી પુસ્તિકામાં (page No.45-46) પર મુકેલ છે. **<u>તા.06/06/2019 થી તા.14/06/2019</u>** દરમ્યાન (રજાના દિવસો સિવાય) જઈ (રૂ.175/- ભરી પીન નંબર મેળવવાનો રહેશે. પીન નંબર મેળવ્યા બાદ માહિતી પુસ્તિકામાં આપેલ સુચના માર્ગદર્શન કાળજીપૂર્વક વાંચી તે મુજબ વિધાર્થીએ જાતે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ પર ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

5 ઓન લાઈન રજીસ્ટ્રેશન માટે લોગઓન કરતા પહેલા દરેક વિધાર્થીએ પોતાના પાસપોર્ટ સાઇઝ ફોટાની સોફ્ટ કોપી (10 kb to 50 kb સાઇઝ JPG ફાઈલમાં) તથા પોતાની સહીની સોફટ કોપી (5kb થી 30 kb સાઇઝ JPG File)માં સાથે રાખવાની રહેશે. તથા પોતાનો મોબાઈલ ફોન સાથે રાખવો અનિવાર્ય છે.

6 ત્રણ વર્ષ એલએલ. બી અભ્યાસક્રમ માટે પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરતી વખતે વિદ્યાર્થીએ વેબસાઈટ પર જ પોતાના સ્નાતક (ગ્રેજ્યુએટ) અભ્યાસક્રમનાં છેલ્લા ચાર સેમેસ્ટર (કે છેલ્લા બે વર્ષ) H.S.C. પરીક્ષાના માર્ક્સ તથા જન્મ તારીખની વિગતો આપવાની રહેશે તથા ફોટોગ્રાફ અને સહી સોફટ કોપીમાંથી અપલોડ કરવાની રહેશે. તથા છેલ્લા બે સેમિસ્ટરની (કે છેલ્લા વર્ષની) માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

7 જે વિધાર્થીઓએ તેમની ક્વાલિફાઇગ પરીક્ષા (ગ્રેજ્યુએશન) એપ્રિલ/મેં 2019મા ગુજરાત યુનિવર્સીટીમાંથી જ પાસ કરેલ હોય તથા જેઓ ઓપન (જનરલ) કેટેગરીમાં આવતા હોય (SC/ST/SEBC તથા Phd. Handi. સિવાય) તેમના સેમિસ્ટર ૫ અને ૬ નાં માર્કસ અન્ય વિગતો ભરતા સોફ્ટવેર આપોઆપ લઇ લેશે. તથા આવા વિધાર્થીઓને ઓન લાઈન રજીસ્ટ્રેશન પુરૂ થયેથી વેબસાઈટ પર જો **SUCCESSFUL REGISTRATION : NO NEED TO VERIFY DOCUMENTS AT HELP CENTERS** લખેલ આવે તો તેમણે માત્ર આ વિગતની પ્રિન્ટ આઉટ લઇ રાખવી.આવા વિધાર્થીઓએ હેલ્પ સેન્ટરમાં અસલ દસ્તાવેજો સાથે વેરિફાય કરાવવાનું રહેશે નહી, તેમણે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટની રાહ જોવી.

**આ સિવાય અન્ય તમામ વિધાર્થીઓ (રિઝર્વ કેટેગરી, રીપીટર વિદ્યાર્થીઓ, જેમણે વર્ષ-2019 પહેલા ગુજરાત યુનિવર્સિટીમાંથી જ ગ્રેજ્યુએશન પરીક્ષા આપેલ છે તેવા તથા અન્ય યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ) તેમના રજીસ્ટ્રેશન બાદ વેબસાઈટ પર VERIFY THE DOCUMNENTS AT CONCERNED HELP CENTER લખેલ આવે તો તેની પ્રિન્ટ લઇ આવા તમામ વિધાર્થીઓએ માહિતી પુસ્તિકામાં લખેલ (જે તે કેટેગરી મુજબનાં) હેલ્પસેન્ટરો ઉપર તા. 15-6-2019 સુધીમાં અસલ દસ્તાવેજો સાથે જઈ વેરિફિકેશન કરાવી તેની કોપી જમા કરાવવાની રહેશે તથા હેલ્પસેન્ટરમાંથી Inward Receipt લેવાની રહેશે અન્યથા તેમનું નામ મેરિટ લીસ્ટમાં સમાવિષ્ટ થશે નહી. હેલ્પ સેન્ટરોની યાદી** માહિતી પુસ્તિકામાં પાના નંબર 45-46 ઉપર મુકેલ છે.

**ગ્રેડ/CGPA ધરાવતા વિધાર્થીઓ માટે :-**

8 **જે વિદ્યાર્થીઓની Mark-Sheetમાં માર્ક્સ/ટકાવારી દર્શાવેલી ન હોય એટલે કે ગ્રેડ/CGPA/માર્ક્સ સિવાયની પદ્ધતિ અપનાવેલ હોય તો તેવા કિસ્સામાં વિધાર્થીએ પોતાના બોર્ડ/યુનિવર્સીટીમાંથી ટકાવારીમાં રૂપાંતરિત Equvivalent Certificate લાવવું ફરજીયાત છે. તેના સિવાય તેમનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.**

9 SC, ST, SEBC તથા Phy. Handi કેટેગરીના વિધાર્થીઓએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે જ હેલ્પલાઇન સેન્ટરમાં જવાનું રહેશે.

10 SEBC (આર્થિક અને આર્થિક પછાત વર્ગ)નાં વિધાર્થીઓએ ફોર્મ વેરીફાય કરાવતી વખતે પ્રવેશ તારીખનાં ત્રણ વર્ષ પહેલા સુધીના ગુજરાત રાજ્યના સમુચિત સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન કીમીલેયર સર્ટિ, (અસલ કોપી)માં અચૂક સાથે લાવવું, અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

11 આર્થિક રીતે પછાત – Economically Backward Section (EWS) કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્ય દ્વારા સૂચિત સક્ષમ અધિકારી પાસેથી EWSનું સર્ટીફીકેટ મેળવી પ્રવેશ ફોર્મ ભરી હેલ્પ સેન્ટર પર ચેક કરાવવાનું રહેશે. બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મંજુરી મળ્યેથી જ EWS કેટેગરીમાં પ્રવેશ આપી શકાશે અન્યથા આવા વિદ્યાર્થીઓનો સમાવેશ જનરલ કેટેગરીમાં થશે.

12 **Phy. Hadi કેટેગરીનાં વિધાર્થીઓએ ૪૦ % કે વધુ શારીરિક અક્ષમતા અગેનું સિવિલ સર્જનનું અસલ પ્રમાણ-પત્ર લાવવાનું રહેશે.**

13 ગુજરાત રાજ્ય બહારની અન્ય યુનિવર્સિટી (ગુજરાત યુનિવર્સિટી સિવાય)માંથી અભ્યાસ કરેલ વિધાર્થીઓએ ઓનલાઇન અરજી કરતા પહેલા ગુજરાત યુનિવર્સિટીમાથી **Provisional Eligibility Certificate (PEC)** મેળવી લેવાનુ રહેશે. **Provisional Eligibility Certificate (PEC)** સર્ટીફીકેટ માટે ઓનલાઈન ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી અરજી કરવાની રહેશે. અરજી કરી તેની પ્રિન્ટ લઇ વિધાર્થીએ અસલ માર્કશીટ દસ્તાવેજો સાથે ગુજરાત યુનિવર્સિટીમાં જઈ નિયત ફી ભરી **Provisional Eligibility Certificate (PEC)** સર્ટીફીકેટ મેળવાનું રહેશે.

14 જે વિધાર્થીઓ ગુજરાત રાજ્યની જ અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોય/છેલ્લી પરીક્ષા આપેલ હોય તેમણે હાલ **Provisional Eligibility Certificate (PEC)** સર્ટીફીકેટ લેવાનું નથી પરંતુ આવા વિધાર્થીઓએ એક્વાર એડમિશન લઇ લીધા બાદ **Provisional Eligibility Certificate (PEC)** સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

15 જે વિધાર્થીઓએ સ્નાતક પરીક્ષા અન્ય યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તથા ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ કરેલ હોય તેમનો સમાવેશ "other University" માં થશે. પરંતુ આવા વિધાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનુ રહેશે નહી. પરંતુ જે વિદ્યાર્થીઓએ ગુજરાત યુનીવર્સીટીમાંથી સ્નાતક થઇ અન્ય યુનીવર્સીટીમાં પ્રવેશ મેળવેલ હોય તેમણે ક્રમાંક ૧૨ તથા ૧૩ ની જોગવાઈ મુજબ હાલ **Provisional Eligibility Certificate (PEC)** સર્ટીફીકેટ લેવાનું રહેશે પણ તેઓનો સમાવેશ ગુજરાત યુનીવર્સીટીના વિદ્યાર્થીઓની કેટેગરીમાં જ થશે.

16 **CA, CS** કે અન્ય ફુલટાઇમ કોર્સ કરતા વિધાર્થીઓ આ અભ્યાસની સાથે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનાં નિયમાનુસાર એલએલ. બી નો અભ્યાસ કરી શક્તા નથી. ત્રણ વર્ષનો એલએલ. બી અભ્યાસક્રમ ફુલટાઇમ અભ્યાસક્રમ છે તથા તેમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમો તેમ જ ગુજરાત યુનીવર્સીટી ઓર્ડીનન્સ મુજબ ૭૫ % હાજરી અનિવાર્ય છે.

17 નિયત તારીખે (અથવા ત્યારબાદની સૂચિત તારીખે) ગુજરાત યુનિવર્સીટી વેબસાઈટ ઉપર પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ મુકવામાં આવશે જે વિધાર્થીનાં માર્કસ, કેટેગરી તથા તેણે ભરેલ કોલેજ વિકલ્પોના આધારે જે વિધાર્થીનાં માર્કસ, કેટેગરી, તથા તેણે ભરેલ કોલેજ વિકલ્પનાં આધારે મુકવામાં આવશે. આ લીસ્ટમાં જો કોઈ માર્કસ/કેટેગરીની ભુલ જણાય તો વિધાર્થીએ જે હેલ્પ સેન્ટરોમાં ફોર્મ વેરીફાય કરાવેલ હોય ત્યાં જ જઈ નિયત સમયગાળામાં જઈ જરૂરી દસ્તાવેજો સાથે લેખિત અરજી આપી સુધારો કરવો. નિયત સમયગાળા બાદ સુધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

18 ફાઈનલ મેરિટ લિસ્ટમાં વિધાર્થીનું નામ છે કે નહિ તે વિદ્યાર્થી પોતાના રજીસ્ટ્રેશન નંબર, પીન નંબર આપી ગુજરાત યુનીવર્સીટીની વેબ સાઈટ પરથી જોઈ શકશે. જો વિદ્યાર્થીનો સમાવેશ પ્રથમ મેરીટ લીસ્ટ માં થયેલ હોય તો તેણે **Admission Offer Letter** તથા **Bank Receipt** ની પ્રિન્ટ લઇ **Kotak Mahindra BANK** માં (**Kotak Mahindra Bank Branch Address** ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર મુકેલ ત્રણ વર્ષ એલએલ.બીની માહિતી પુસ્તિકામાં **pages 49-55** પર જોઈ કોઈ પણ બ્રાન્ચમાં રૂબરૂ કે ઓન લાઈન ફી પેટે નિયત રકમ ભરી (ભાઈઓ રૂ.૫૦૦/- તથા બહેનો રૂ.૨૦૦/-) તેને ફાળવામાં આવેલ કોલેજ પર નિયત દિવસોમાં કોલેજ સમય દરમ્યાન જઈ જરૂરી અસલ દસ્તાવેજો બતાવી, બાકીની ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. નિયત

**સમય બાદ વિધાર્થીનો પ્રવેશ માટે હક રહેશે નહી, તથા પ્રવેશ આપોઆપ રદ્દ થશે. ફાઇનલ મેરીટ લીસ્ટમાં નામ હોય તે વિધાર્થીઓ જ એડમિશન ઓફર લેટરની પ્રિન્ટ કાઢી શકશે.**

19 **જે વિધાર્થીનું નામ પ્રથમ મેરીટ લીસ્ટમાં ન આવે તેણે બીજા મેરિટ લીસ્ટ સુધી રાહ જોવી.** બીજા રાઉન્ડ વખતે તેની તારીખ / જાહેરાત બાદ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ન મેળવેલ હોય/ન લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન ફોર્મની નવી પ્રિન્ટ આઉટ લેવી જેના પર વિધ્યાર્થીનો General Rank, Category Rank, Sub-Category અને ટકાવારી ઉપરાંત **Online Registration and Offline Admission (Round-2)** પણ છપાયેલ હશે.

20 જેની એક કરતાં વધારે પ્રિન્ટ આઉટ લઈને જે તે લો કોલેજોમાં પ્રવેશ મેળવવો હોય તે બધી જ લો કોલેજોમાં કોલેજના સમય પ્રમાણે નિયત તારીખ સુધીમાં ફોર્મ જમા કરાવવા.

21 ફોર્મ જમા કરાવ્યા પછી વિધ્યાર્થીએ જે તે કોલેજ પાસેથી રસીદ અચૂક મેળવવી. દરેક કોલેજ બીજા રાઉન્ડનું કેટેગરી મુજબ મેરીટ(સીટ ખાલી હોય તેટલું જ કેટગરી મુજબનું) બનાવી GUAC દ્વારા નિયત કરેલ તારીખે મુકશે.જે કોલેજમાં વિદ્યાર્થીનું નામ હોય તેમને તે કોલેજમાં નિયત સમયમાં જ પુરેપૂરી ફી ભરવી તેમજ તમામ જરૂરી દસ્તાવેજોની અસલ નકલ બતાવી પ્રવેશ મેળવી લેવો.. **નિયત સમય બાદ વિધાર્થીનો પ્રવેશ માટે હક રહેશે નહી, તથા પ્રવેશ આપોઆપ રદ્દ થશે. સેકન્ડ મેરીટ લીસ્ટમાં નામ હોય તે વિધાર્થીઓ જ એડમિશન ઓફર લેટરની પ્રિન્ટ કાઢી શકશે.** પહેલા કે બીજા મેરીટ લીસ્ટમાં પ્રવેશ મેળવી લીધેલ વિધ્યાર્થી ત્રીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે નહીં.

**21. ત્રીજો રાઉન્ડ : (જે કોલેજમાં બીજા રાઉન્ડ બાદ જગ્યા ખાલી હોય ત્યાં જ)**

ત્રીજા રાઉન્ડમાં એડમિશન માટે પાત્રતા ધરાવતા

a. **તમામ રજિસ્ટર્ડ થયેલા વિધ્યાર્થીઓ:**

(i) રજિસ્ટર્ડ વિધ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન ફોર્મની નવી પ્રિન્ટ આઉટ લેવાની રહેશે, જેના પર સ્નાતક પરીક્ષાની (Qualifying Exam) ની ટકાવારી ઉપરાંત Online Registration and Offline Admission (Round-3) છપાયેલ હશે.

(ii) જૂના રજિસ્ટર્ડ થયેલ વિધ્યાર્થીએ અગાઉ વેરિફિકેશન કરાવેલ હોય ફક્ત રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજ જે તે કોલેજ માં જમા કરાવવાના રહેશે.

(iii) વિધ્યાર્થી ફોર્મ જમા કરાવ્યાની રસીદ કોલેજ પાસેથી અચૂક મેળવી લેવી.

(iv) પ્રથમ રાઉન્ડ અને બીજા રાઉન્ડનું રજીસ્ટ્રેશન ફોર્મ ત્રીજા રાઉન્ડ માટે સ્વીકારવામાં આવશે નહીં.

(v) રજીસ્ટ્રેશન ફોર્મની એક કરતાં વધારે પ્રિન્ટ આઉટ લઈને જે તે કોલેજોમાં પ્રવેશ મેળવવો હોય તે બધી જ કોલેજોમાં કોલેજના સમય પ્રમાણે ફોર્મ જમા કરાવવા.

b. **રજિસ્ટર્ડ નહીં થયેલા વિધ્યાર્થીઓ:**

(vi) રજિસ્ટર્ડ નહીં થયેલા વિધ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન બીજો રાઉન્ડ પૂરો થયા બાદ જ કરી શકશે.

(vii) ત્રીજા રાઉન્ડ વખતે નવા રજિસ્ટર્ડ થયેલ વિધ્યાર્થીઓએ પ્રમાણપત્રોનું જે તે કોલેજમાં વેરિફિકેશન કરાવીને જમા કરાવવાના રહેશે.

(viii) વિધ્યાર્થી ફોર્મ જમા કરાવ્યાની રસીદ કોલેજ પાસેથી અચૂક મેળવી લેવી.

(ix) વિધાર્થીને પ્રથમ રાઉન્ડમાં ફાળવવા આવેલ કોલેજમાં પોતે પ્રવેશ ન લે તો બીજા રાઉન્ડમાં અને તે પછીના રાઉન્ડમાં તેની પ્રથમ રાઉન્ડની ફાળવણી અંગે અધિકાર રહેશે નહિ.

(x) રજીસ્ટ્રેશન ફોર્મની એક કરતાં વધારે પ્રિન્ટ આઉટ લઈને જે તે કોલેજોમાં પ્રવેશ મેળવવો હોય તે બધી જ કોલેજોમાં કોલેજના સમય પ્રમાણે ફોર્મ જમા કરાવવા.

22 કોલેજ પાસે બીજા રાઉન્ડ બાદ જેટલી બેઠકો ખાલી રહેશે તેટલી જ બેઠકો માટે ઇન્ટર સે મેરીટ બનાવવું. દરેક કોલેજ ત્રીજા રાઉન્ડનું ઇન્ટર સે મેરીટ લીસ્ટ બનાવી GUAC દ્વારા નિયત કરેલ તારીખે મુકશે.જે કોલેજમાં વિદ્યાર્થીનું નામ હોય તેમને તે કોલેજમાં નિયત સમયમાં જ પુરેપૂરી ફી ભરવી તેમજ તમામ જરૂરી દસ્તાવેજોની અસલ નકલ બતાવી પ્રવેશ મેળવી લેવો.. **નિયત સમય બાદ વિધાર્થીનો પ્રવેશ માટે હક રહેશે નહી, તથા પ્રવેશ આપોઆપ રદ્દ થશે. ત્રીજા મેરીટ લીસ્ટમાં નામ હોય તે વિધાર્થીઓ જ એડમિશન ઓફર લેટરની પ્રિન્ટ કાઢી શકશે.**

23 **જે વિધાર્થીઓની વય તા.15/06/2018 નાં રોજ ૩૦ વર્ષ કે તેથી વધુ (SC તથા ST કેટેગરીનાં વિધાર્થીઓની વય ઉપરોક્ત તારીખનાં રોજ ૩૫ વર્ષ કે વધુ ) હોય તેમણે એડમિશન ઓફર થયેથી જે તે કોલેજમાં Undertaking આપવાનું રહેશે કે તેમને સર્વોચ્ચ અદાલતનાં વચગાળાનાં ચુકાદાના આધારે શરતી પ્રવેશ મળે છે. તથા તેમનો આ શરતી પ્રવેશ સર્વોચ્ચ અદાલતનાં આખરી ચુકાદાને આધિન રહેશે. આ Undertaking નો નમુનો ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર મુકેલ ત્રણ વર્ષ એલએલ. બીની માહિતી પુસ્તિકામાં (Page No.47) આપેલ છે.**

નોધ :- **આ નોટિસ વિધાર્થીઓને અનુકુળતા માટે છે વિગતવાર અને સચોટ માહિતી માટે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ ઉપર મુકવામાં આવેલ માહિતી પુસ્તિકા જોવી.**